# SARDAR PATEL UNIVERSITY
## BA (III Sem.) Examination
## Monday, 24 November 2014
## 10.30 am - 1.30 pm
## UA03IALG03 - Analytical Gujarati Literature

### વિવેચનાત્મક ગુજરાતી

**કુલ ગુણ : ૭૦**

**સૂચનાઃ** જમણી બાજુનાં આંકડા ગુણ દર્શાવે છે.

પ્ર.૧ નીચેનામાંથી **કોઈપણ બે**ના અર્થવિસ્તાર કરો. (૨૦)

(૧) સૌંદર્ય શોભે છે શીલથી,
ને યૌવન શોભે છે સંયમ વડે.

(૨) નમતાંથી સૌ કો રીઝે નમતાંને બહુ માન,
સાગરને નદીઓ ભજે, છોડી ઊંચા સ્થાન.

(૩) સુંદર ચોઘડિયું, જે ક્ષણે સારું કામ સૂઝયું તે જ છે.

(૪) જગનાં સહુ ઝેરોમાં સૌથી કાતિલ વેરનું.

પ્ર.૨ નીચેના ગદ્યખંડનું સારાંશ લેખન કરો. (૧૫)

જગતની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી. એક નાનકડી કન્યા મારી પાસે હસ્તાક્ષર લેવાને આવેલી અને મને કહેલું કે ‘એક કડી, લખી આપો.’ મારી આસપાસ અનેક મિત્રો ઊભા હતા. ગુજરાત વિદ્યાપીઠનું એ ચોગાન હતું અને ત્યાં એક મોટા સમારંભે હું ગયેલો. એણે મારા હાથમાં હસ્તાક્ષરપોથી મૂકી અને એના ‘કડી’ શબ્દને પકડીને ઉપરની પંકિત આવી ગઇ. એણે કહેલો ‘કડી’ શબ્દ અહીં બીજા અર્થમાં પ્રગટ થઇ ગયો અને પંકિત જાણે ઉપર તૈયાર બેઠેલી હોય તેમ ઊતરી પડી. હવે આમાં કઇ પ્રક્રિયા આપણે કહીશું ? ભાષામાં શબ્દો એક કરતા વધુ અર્થ ધરાવે છે.પણ મારું બાહ્ય મન એ શ્લેષની શોધમાં ગયેલું નહિં. શબ્દોની આ બહુ-અર્થતા મારા સંસ્કાર ભંડારમાં પડેલી જ હતી. આ શ્લેષ થાય છે એ ખ્યાલ પણ પછીથી આવ્યો. પણ ‘કડી’ એટલે ‘પંકિત’નો અર્થ ધકેલાઇ જઇ સાંકડમાંની કડી એ અર્થ ચળકયો, અને એ સાંકળનારું તત્વ તો પ્રેમ છે, પણ ‘પ્રેમ’ નહિ પણ ‘સૌની’ સાથે વર્ણસંગીત સાધતો ‘સ્નેહ’ શબ્દ આવી ગયો, તેને જ પકડીને બીજો ‘સ’થી શરૂ થતો ‘સર્વથી’ આવ્યો અને ‘વડી’ શબ્દ કડીના અવાજનો પડઘો પાડતો હોય તેમ તેના અર્થસંભારના ગહન ગોરંભ સાથે આવી ગયો. જીવનમાં પરમ સક્રિય એવું પ્રેમતત્વ આમ આ ક્ષણે ‘કડી’ રૂપે ઊતરી આવ્યું. કયું નિમિત્ત, કઇ પરિસ્થિતિ, એનો હિસાબ કેવી રીતે કરીશું ? એ કન્યા, એની ભાવભરી વિનંતી, પ્રસન્નતા ભરેલું વાતાવરણ-આ બધું જ એ પ્રેમને આમ સાકાર થવાને માટેનું કારણ બન્યું હશે ને ? આને જ આધ્યાત્મિક-શકિતના દિવ્ય આવેગની નિક્ષિપ્તિ કહી શકાયને ?

**અથવા**

પ્ર.૨ હું જોઇ શકું છું કે સાહિત્ય સમજવાની આજના ધમાલભર્યા જીવનમાં તમને ફુરસદ ન હોય અને વૃત્તિ પણ ન હોય. હશે. પણ તમે નાટક કે સિનેમા કદી જોયાં જ નથી એમ કહો એ કેમ મનાય? ગાંધીજીએ પણ છેલ્લે છેલ્લે સિનેમાંના કેટલાક દશ્યો જોઇ લીધાં હતાં એમ યાદ આવે છે. એ નાટક કે ચલચિત્રોના કેટલાય પ્રસંગો તમને હસાવે છે, રડાવે છે, ભયભીત કરે છે, શૃંગાર અભિમુખ કરે છે, આશ્ચર્ય ઉપજાવે છે, જોમ અર્પે છે, ગુસ્સો કરે છે, કંટાળો ઉપજાવે છે. તમે જાણો છો આવા આવા ભય ઉપજાવતા પ્રસંગો, ગીતો અને સંવાદો સાહિત્યને જ સર્જે છે ! આંખમાં આસું લાવતાં કરુણ મૃત્યુગીતો કે પ્રસંગો પણ સાહિત્ય બની રહે છે. એમ આપ જાણશો એટલે આપને સાનંદાશ્ચર્ય સમજાશે કે હાલરડાંથી માંડી મૃત્યુનાં શોકગીત-મરસીયા સુધી-એટલે કે બાળજન્મથી માંડી જીવન-અંત સુધી સાહિત્યનું વાતાવરણ વ્યાપી રહેલું છે. સાહિત્યને આપણે સમજીએ કે ન સમજીએ; સાહિત્ય સમજવાની આપણે ફુરસદ લઇએ કે ન લઇએ : સાહિત્ય પોતે જ ડગલે અને પગલે સામે આવી આપણા શ્વાસ સરખું જીવંત તત્વ બની આપણને વીંટળાઇ વળે છે.

પ્ર.૩ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૫)

આપણી રસવૃત્તિ કેળવાતી જાય છે તેમ તેમ કલા અને અશ્લીલતાના પ્રશ્ન પરત્વે ઓછા ઉગ્ર અને વધુ સહિષ્ણુ બનતા જઇએ છીએ. કલા અશ્લીલ હોઇ શકે ? અથવા એમ કહી શકાય કે કલા અને અશ્લીલ એ પરસ્પર વિરોધી સંજ્ઞા છે ? કલા હોય ત્યાં અશ્લીલતા ન હોય અને અશ્લીલતા હોય ત્યાં કલા ન હોય એમ કહી શકીશું ? અશ્લીલતાના સંકેતમાં જાતીય સંબંધની અંગત કહી શકાય એવી વિગતો ઉત્તેજક રીતે આલેખવામાં આવી હોય, વાચક કે પ્રેક્ષકની જાતીયવૃત્તિને એમાં પ્રતિકો, પદાર્થો અથવા અત્યંત અંગત સ્વરૂપનાં કહી શકાય એવાં દશ્યોને ગ્રામ્ય કે સાવ ઊઘાડી રીતે યોજવામાં આવ્યાં હોય ત્યારે એને અશ્લીલ કહી શકાય.

**અથવા**

પ્ર.૩ ‘સાહિત્યકાર માણસ છે, નાગરિક છે, પરંતું તે સાહિત્યકાર પહેલો છે - એ સાહિત્યકારનું ગૌરવ કરતું વિધાન માણસની ઉપેક્ષા કરે છે. સાહિત્યકાર શૂન્યાવકાશમાં રહેતો નથી. તેનું મસ્તક ઊંચુ રહે છે. તેની દષ્ટિ દૂર દૂરના ભવિષ્યમાં દોડે છે અને તેનું હૃદય વિશ્વની સાથે ધબકે છે. પરંતુ તેનાથી તે જયાં ઊભો હોય છે તે ધરતી સાથેનો તેનો સંબંધ તૂટી જતો નથી. સૌ પ્રથમ માણસ ન હોય તેવો સાહિત્યકાર કેવું સાહિત્ય પીરસશે ? માનવતા અને માનવ સ્વાતંત્ર્ય એ આજના યુગનું મોટાંમાં મોટું મૂલ્ય છે. માનવસ્વાતંત્ર્યથી સાહિત્યકારનું સ્વાતંત્ર્ય ઊંચુ શી રીતે હોઇ શકે ? સાહિત્યકાર માણસ છે માટે જ સાહિત્યકાર છે એમ કહેવું વધુ સાચું છે. માનવસ્વાતંત્ર્ય જોખમમાં હોય એ પરિસ્થિતિમાં પોતે માની લીધેલી પોતાની સ્વાયત્તતાની ખુમારીમાં બેસી રહે છે તે સાહિત્યકાર મોટી વંચના કરે છે. પોતાના દેશની વાત કરતાં કવિ પોતાની નજર આગળ ભાવનાનો પ્રદેશ જુએ છે. એ સંવેદનામાં માનવજીવનનાં મૂલ્ય ખોવાઇ જતાં હોય, તો તેના જેવો બીજો સ્વાર્થી કોણ ?

પ્ર.૪ નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવોઃ (૨૦)

ભોળી રે ભરવાડણ, હરિને વેચવાને ચાલી રે;
ગિરિવરધારીને ઉપાડી, મટુકીમાં ઘાલી રે .

શેરીએ શેરીએ સાદ પાડેઃ કોઇ લો મુરારિ રે;
નાથ અનાથનો વેચે, ચૌટા વચ્ચે આહિરનારી રે, ભોળી .

વ્રજનારી પૂછે શું છે માંહી, મધુરી મોરલી વાગી રે;
મટુકી ઉતારીને જોતાં, મૂર્છા સૌને લાગી રે, ભોળી .

બ્રહ્માદિક ઇન્દ્રાદિક સરખા, કૌતુક ઊભા પેખે રે;
ચૌદ લોકમાં ન માય તે, મટુકીમાં બેઠેલા દેખે-રે, ભોળી .

ભક્તજનોના ભાગ્યે વ્રજમાં, પ્રગટ્યા અંતરજામી રે;
દાસલડાને લાડ લડાવે, નરસૈયાંનો સ્વામી રે, ભોળી .

**અથવા**

પ્ર.૪ નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,
ફરી આ દ્રશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે.

ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.

પરિચિતોને ધરાઇને જોઇ લેવા દો,
આ હસતા ચહેરા; આ મીઠી નજર મળે ન મળે.

ભરી લો આંખમાં રસ્તાઓ બારીઓ, ભીંતો,
પછી આ શહેર, આ ગલીઓ આ ઘર મળે ન મળે.

રડી લો આજ સંબંધોને વીંટળાઇ અહીં,
પછી કોઇને કોઇની કબર મળે ન મળે.

વળાવા આવ્યા છે એ ચ્હેરા ફરશે આંખમાં,
ભલે સફરમાં કોઇ હમસફર મળે ન મળે.

વતનથી ધૂળથી માથું ભરી લઉં આદિલ,
અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.

¤ ¤ ¤